**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૫૯ ટકા

# સે-૩૦ મુકિતધામ ખાતે પ્રાર્થના સભામાં મોટી સંખ્યામાં મૃતકોના સ્વજનો ઉમટ્યા

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા મહાનગરપાલિકાના અંતિમધામના કર્મયોગીઓ તેમજ જુસિકા સંચાલિત રુદ્રભૂમિ અંતિમધામના સહયોગથી ચાલી રહેલી અસ્થિ વિસર્જન સેવા અંતર્ગત દિવંગતોને શ્રધ્ધાંજલી અર્થે આજે સે.૩૦ના મુક્તિધામ ખાતે પુષ્પાંજલિ પ્રાર્થના સભામાં જે દિવંગત આત્માઓના અસ્થિ હરિદ્વાર ખાતે ગાગાજીમાં વિસર્જન માટે જવાના છે તેમના સ્વજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતાં. પ્રાર્થનાસભા બાદ દિવંગતોના અસ્થિકુંભને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પ્રાર્થના સભા અને પુષ્પાંજલિ બાદ અસ્થિફૂલ લઈને સ્વયંસેવકોની ટીમ અસ્થિ વિસર્જન માટે હરિદ્વાર જવા રવાના થઈ હતી જેમાં પહેલીવાર મહિલા સભ્યો પણ જોડાયા છે. આ સ્વયંસેવકો દ્વારા તા.૫મી જુલાઈના રોજ સવારે ૭.૩૦થી ૧૦.૩૦ કલાક દરમ્યાન વિધિવત રીતે અસ્થિને હરકી પેડી ખાતે ગંગાજીમાં વિસર્જીત કરાશે. આ વખતે અસ્થી વિસર્જન માટે જે સ્વયંસેવકોની ટીમ હરિદ્વાર જઈ રહી છે તેમાં ઉદયભાઈ ત્રિવેદી ઉપરાંત મહિલા સભ્યો જેમાં પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ તેમની પુત્રી બુલબુલ તથા નિરલબા જોડાયા છે. હરિદ્વાર ખાતે પણ હર્ષાબા ધાંધલની આગેવાની હેઠળ પાંચ દિવસ સુધી હવન કરીને દિવંગતોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વખતની અસ્થિવિસર્જન સેવામાં તા. ૬ઠ્ઠી ડિસેમ્બર ૨૦૨૦થી તા. ૩જી જુલાઈ ૨૦૨૧ દરમ્યાન અવસાન પામેલા દિવંગતોના અસ્થિનું વિસર્જન કરવામાં આવશે.



## સેકટર - ૧ ખાતે આજે વિના મૂલ્યે આયુર્વેદિક, હોમિયોપેથી અને નેચરોથેરાપી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૩
યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા તા. ૪ જુલાઈના રોજ નિશુલ્ક આયુર્વેદિક, હોમિયોપેથી અને નેચરોથેરાપીના કેમ્પનું આયોજન નેચરોવેદિક સેન્ટર, પ્લોટ નંબર- ૪૯૧/એ, ગાયત્રી મંદિર પાછળ, સેકટર- ૧ ખાતે કરવામાં આવ્યું છે. આ કેમ્પ સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન યોજાશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા નગરજનો પોતાનું રજિસ્ટ્રેશન મોબાઈલ નંબર – ૯૬૬૨૪ ૦૬૦૧૦૩ અને ૭૯૯૦૯ ૮૮૦૯૨ પર કરાવી શકશે. આ વિના મૂલ્ય કેમ્પનો લાભ લેવા સર્વે નગરજનોને હાર્દિક આમંત્રણ છે.

## સિવિલમાં રાત્રે બેસતા તત્વો સામે પોલીસની લાલ આંખ : ૬ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૩
શહેરની સિવિલ હોસ્પિટલ રાત્રીના સમયે યુવકોનો અડ્ડો બની જાય છે. મોડી રાત સુધી ચા ની કીટલીઓ ધમધમતી હોય છે. શહેરમાં નાઈટ કર્ફ્યુ હોવા છતા ચા ની કીટલી પર બેસીને વાતચીત કરીને સમય પસાર કરતા શખ્સોની સંખ્યા વધુ હોય છે. ત્યારે ગતરાત્રીએ સિવિલ કેમ્પસમાં ત્રાટકીને પોલીસે ટોળુ વળીને ચા પીવા બેસી રહેલા શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ચા ની કીટલીના માલિક સહિત ૬ શખ્સો સામે જાહેરનામાં ભંગ તેમજ એપેડેમીક એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.
સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સિવિલ કેમ્પસમાં ચા ની કીટલી અને કેન્ટીન દર્દી તેમજ સગાઓ માટે ખુલ્લી હોય છે. સિવિલ સંકુલમાં દર્દીઓ તેમજ સ્નેહીજનોને નજીકમાં રાત્રીના સમયે ચા-પાણી, નાસ્તો, કે જમવાનું મળી રહે તે માટે ચા કીટલી કે કેન્ટીન નિયત સમય સુધી શરુ રાખવામાં આવે છે. પરંતુ સિવિલ કેમ્પસમાં ચા પીવા માટે અને ટાઈમપસાર કરવા આવતા યુવાનોની સંખ્યા સવિશેષ હોય છે. કેમ્પસમાં રાત્રીના સમયે તો મેળા જેવો માહોલ જોવા મળે છે. નાઈટ કર્ફ્યુ હોવા છતા પણ મોડીરાત સુધી યુવાનો બેસી રહે છે. ત્યારે ગતરોજ રાત્રીના સમયે સેકટર-૭ પોલીસે આ વિસ્તારમાં સપાટો બોલાવ્યો હતો. ચાઈ જી નામની કીટલી ખુલ્લી હોવાથી કેટલાક યુવાનો બેસીને ચા નાસ્તો કરી રહ્યા હતા. જેથી પોલીસે ચાઈજી ના માલિક ક્રિપાલસિંહ ઉદાવત (રહે.અંબિકાભુવન લેકાવાડા)ને રાત્રી કર્ફયુ હોવા છતા કીટલી ચાલુ કેમ છે તે પુછતા તે યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. જેથી પોલીસે જાહેરનામા ભંગ તેમજ એપેડેમીક એકટ હેઠળ ક્રિપાલસિંહ ઉદાવત સહિત મુકુંદ ગોપાલભાઈ કુછડીયા (સેકટર-૨૭ એકતાનગર), આકાશ જુહાજી ઠાકોર (રહે.વાવોલ), આશિષ મુળજીભાઈ કુછડીયા (સેકટર-૨૭ ), કનુ રામાભાઈ રાવળ (ઈન્દ્રોડા) અને રવિ પંકજ દવે (સેકટર-૨૫) સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## વાવોલમાં મહંમદ હુસેન પીરની દરગાહ ખાતે વૃક્ષારોપણ કરાયું



આજે વાવોલ ખાતે મહંમદ હુસેન પીરની દરગાહ અને કબ્રસ્તાન સંકુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભાજપ શહેર પ્રમુખ રુચિરભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વાવોલ ભાજપ દ્વારા અંદાજે ૨૦ જેટલાં વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શહેર લઘુમતી મોરચાના પ્રમુખ યુસુફભાઈ શેખ તથા વાવોલના વોર્ડ નં.૭ના ઉમેદવાર પ્રેમલસિંહ ગોલ, શૈલેષભાઈ પટેલ અને વાવોલના મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો સહિત ભાજપના અગ્રણી હોદ્દેદારો-કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

## જિલ્લા મંડપ એસોસિએશન દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩
ગાંધીનગર જીલ્લા મંડપ એસોસીએશન દ્વારા વૃક્ષારોપણનો કાયક્રમ યોજાયો હતો. ગાંધીનગર જીલ્લા મંડપ એસોસીએશન ના પ્રમુખ નરેશભાઈ દવે , મહામંત્રી ભવાનસિંહ વાઘેલા તથા કલોલ પ્રમુખ સત્યેન્દ્રપાલસિંહ ખંડુજા તથા ચાંદખેડા તાલુકાના પ્રમુખ શૈલેષભાઈ પટેલ દહેગામ તાલુકા પ્રમુખ ભવાનભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા પ્રમુખ વિનોદભાઈ ચાવડા, માણસા તાલુકાના કમલેશભાઈ ચૌધરી, પેનલ સભ્ય તથા ગુજરાત મંડપ એસોસિએશનના ખજાનચી ભીખાભાઈ જયસવાલ તથા મંત્રી, ખજાનચી, શ્રી સમસ્તબ્રહ્મ સમાજના પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, ખજાનચી નરેન્દ્રભાઈ વ્યાસ, રાજુભાઈ ભટ્ટ તથા મહેન્દ્રભાઈ વ્યાસ, દીલીપસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર જીલ્લાના ખજાનચી નરેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## ‘ડ્રેગન ફ્રુટ’ ‘કમલમ ફ્રુટ’ વાવેતર વિસ્તાર વધારવા માટે પ્લાન્ટીંગ મટીરીયલ સહાય મેળવે તે હેતુથી આઈ ખેડુત પોર્ટલ તા. ૩૧ જુલાઈ સુધી ખુલ્લું મુકાયું

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર જિલ્લાના ખેડૂતો બાગાયત ખાતાની આર.કે.વી.વાય યોજના હેઠળ ‘ડ્રેગન ફ્રુટ’ ‘કમલમ ફ્રુટ’ વાવેતર વિસ્તાર વધારવા માટે પ્લાન્ટીંગ મટીરીયલ સહાય મેળવે તે હેતુથી સરકાર દ્વારા આઈ ખેડુત પોર્ટલ તા૦૧/૦૭/૨૦૨૧ થી ૩૧/૦૭/૨૦૨૧ સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે.
આ યોજનાનો લાભ લેવા માગતા ખેડૂતોએ આઈ ખેડુત પોર્ટલ (www.ikhedut.gujarat.gov.in) પર અરજી કરવાની રહેશે. ઓનલાઈન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢી જરૂરી સાધનિક પુરાવા જેવા કે, ૭,૧૨,૮-અ ના ઉતારા, રાષ્ટ્રીયકૃત બેંકની પાસબુકની નકલ અથવા કેન્સલ ચેક, આધારકાર્ડની નકલ સાથે અરજી નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, સી બ્લોક. પાંચમો માળ, સેકટર-૧૧, ગાંધીનગર જી ગાંધીનગર (ફોન નંબર: ૦૭૯-૨૩૨૫૭૭૫૯-૬૦) ને રૂબરૂ કે ટપાલ દ્વારા તાત્કાલિક દિન-૧૦ માં મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે, નાયબ બાગાયતનિયામક શ્રી ડી.જે.પટેલે જણાવ્યું છે.




એપોલો ઈન્ટરનેશનલ સ્કુલ કુડાસણ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૦૯ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ પ્રેસિડન્ટ વૈશાલી જોષીના નેતૃત્વ હેઠળ યોજાયો હતો. એપોલો સ્કૂલ અને મધર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, ડિસ્ટ્રીકટ એન્વાયરમેન્ટ ચેરમેન કાલીદાસભાઈ પ્રજાપતિ, રીજીયન ચેરમેન મમતાબેન રાવલ, ડિસ્ટ્રીકટ ઓફિસર ચંદાબેન યાદવ, પ્રોજેકટ ચેરમેન ભૂમિ જોગાણી, મનિષાબેન ત્રિપાઠી હાજર રહ્યા હતા. સેકેટરી અર્ચનાબેન દવે તથા કલબના મેમ્બર્સ દ્વારા વૃક્ષો વાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન રૂપલબા બિહોલા દ્વારા કરવામાં આવ્યું હતું.

## એસ.કે. પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલમાં હેંકરચીફ એકટીવીટી યોજાઈ



ગાંધીનગર, તા.૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં હેંકરચીફ એકટીવીટી કરવામાં આવી હતી. જેમાં શિક્ષિકાઓએ હાથરૂમાલમાંથી ચોકલેટ, ઓશીકું, ફુલ, ગાજર, જેવી વિવિધ વસ્તુ ઓનલાઈન કલાસમાં શીખવી હતી. જેમાં નર્સરી, જુનિયર અને સિનિયરના બાળકોએ ખૂબ જ ઉત્સાહથી તે બનાવી હતી અને તેમાં વાલીઓએ પણ બાળકોને સાથ આપી આ હેંકરચીફ એકિટવીટીમાં ભાગ લીધો હતો. આ એકિટવીટી કરવામાં બાળકોને ખૂબ જ મજા આવી હતી.

# શહેરના રાજકારણમાં સોશિયલ મીડિયાથી જામી ધમાચકડી

### ગોકુળપુરામાં ગટર સફાઈના ભાજપના દાવાની પોલ ખોલતો વીડિયો જાહેર કરવા બદલ આપ પાર્ટીના કાર્યકરને ભાજપના ઉમેદવાર મફતભાઈ દેસાઈએ ધમકાવતો વીડિયો વાયરલ થતાં ચકચાર : દસ વર્ષથી કોંગ્રેસનાં કૉર્પોરેટર હોવાથી કામ થયું ન હોવાનો મફતભાઈનો ગુસ્સામાં બફાટ

ગાંધીનગર, તા.૩
ગાંધીનગરમાં આજનો દિવસ સોશિયલ મીડિયા ઉપર ભારે રાજકીય ધમાચકડી ભરેલો રહ્યો હતો જેમાં ગોકુળપુરામાં આમ આદમી પાર્ટી અને ભાજપના ઉમેદવાર વચ્ચે બોલાચાલી થયાનો વિડીયો વાયરલ થવા પામ્યો હતો જ્યારે બીજી તરફ સેક્ટર-૨૪માં કોંગ્રેસના ઉમેદવારે આપ પાર્ટીના ઉમેદવારને વોટ્સએપ મેસેજથી ધમકી આપી હોવાના સમાચાર વાઈરલ થયાં હતાં. સૌરાષ્ટ્રમાં આપના પ્રદેશ નેતાઓ પર થયેલા હુમલાની હિચકારી ઘટનાની શાહી હજી સૂકાઈ નથી ત્યાં ગાંધીનગરમાં આજે સવારે બનેલી ઘટનામાં ગોકુળપુરામાં ગટર સફાઈના મુદ્દે આજે આમ આદમી પાર્ટીના સ્થાનિક મહિલા ઉમેદવારના પતિ સાથે ભાજપના ઉમેદવારે દાદાગીરીભર્યું વર્તન કર્યું હોવાનો અને તેમને ઘરમાં બેસી જવાની ધમકી આપી અસભ્ય ભાષાનો પ્રયોગ કર્યો હોવાનો ભાજપના ઉમેદવાર મફતભાઈ દેસાઈનો વિડીયો વાઈરલ થવા પામ્યો છે.
ગાંધીનગરના વોર્ડ નં.૬માં સમાવિષ્ટ ગોકુળપુરા વિસ્તારમાં બે ત્રણ દિવસ પૂર્વે ભાજપના ઉમેદવાર મફતભાઈ દેસાઈ દ્વારા ગટરોની સફાઈ તેમણે કરાવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો પરંતુ તેના બીજા દિવસે આમ આદમી પાર્ટીના સ્થાનિક મહિલા ઉમેદવાર ભુમીબેન રબારીના પતિ રઘુભાઈ રબારીએ વોર્ડ નં.૬ના આપ પાર્ટીના ઉમેદવારો ભુમીબેન રબારી, નગીનભાઈ નાડિયા તથા તુષારભાઈ પરીખની ઉપસ્થિતિમાં સ્થળ ઉપર જઈને ઉભરાતી ગટરોના વિડીયો બનાવી ગટર સફાઈ થઈ ન હોવાનું દર્શાવતા અને



પરિસ્થિતિ ઘણા લાંબા સમયથી જેમની તેમ હોવાનુ જણાવતા વિડિયો ગોકુળપુરા વસાહતના વોટ્સએપ ગ્રુપમાં વાઈરલ કર્યા હતા અને જેમાં તેમણે સ્થળ પરની ગટરોમાં લાંબા સળિયા નાંખીને દર્શાવ્યું હતું કે કોઈ સફાઈ થઈ નથી તેમજ ત્યાં રમતું બાળક જો ભૂલથી ગટરમાં પડી જાય તો તેનો જીવ જોખમમાં મુકાઈ શકે છે તેવી પરિસ્થિતિ યથાવત્ છે. આ વીડિયો વાઈરલ થતાં આજે સેક્ટર-૨૪ સુવિધા કચેરીએથી વ્યવસ્થાતંત્ર મશીનરી સાથે ગટરોની સફાઈ માટે દોડી આવ્યું હતું અને ગટરોની સફાઈ કામગીરી શરુ કરી દીધી હતી. આ દરમ્યાન રઘુભાઈ રબારીએ સ્થળ પર જાતે ઉપસ્થિત રહી તે કામગીરી યોગ્ય થાય છે કે નહીં તે જોવા સાથે સફાઈ કામદારોને સમસ્યાનો કાયમી નિકાલ આવે તે રીતે કામ કરવા વિનંતી કરી રહ્યા હતા ત્યારે અચાનક જ ભાજપના ઉમેદવાર મફતભાઈ દેસાઈ સ્થળ પર ધસી આવ્યાં હતાં અને તેમણે રઘુભાઈ રબારી સાથે ઉગ્ર ભાષામાં બોલાચાલી શરૂ કરી દીધી હતી જે દરમ્યાન તેમણે રઘુભાઈને ધમકાવી અપશબ્દો બોલી અને આ બધું કામ પોતે કરાવ્યું હોવાનો દાવો કરવા સાથે રઘુભાઈ પર ગટરના વીડિયો વાયરલ કરવા બાબતે ઉશ્કેરાઈને ઉગ્ર માથાકૂટ કરી હતી. આ બોલાચાલી દરમ્યાન તેમણે રઘુભાઈ રબારીને ઘરમાં બેસી રહેવા ધમકી આપતા સ્થળ પર મહિલાઓ સહિત ગ્રામજનોની હાજરીમાં અસભ્ય ભાષાનો પ્રયોગ કર્યો હતો. આ દરમિયાન રઘુભાઈએ સવાલ કર્યો કે દસ વર્ષથી ગટરો ઉભરાય છે અને ભાજપની સત્તા હતી ત્યારે કામ થયું નથી, હવે ચૂંટણી આવી છે ત્યારે તમે સફાઈ કરાવવા આવ્યા છો પરંતુ અત્યાર સુધી તમે ક્યાં હતા તેના જવાબમાં ભાજપના ઉમેદવાર મફાભાઈ દેસાઈએ કહ્યું કે અત્યારસુધી ગોકુળપુરામાં માત્ર કોંગ્રેસના કૉર્પોરેટરો હતા એટલે એમને જઈને પૂછો. આમ ભાજપના મફાભાઈ દેસાઈએ ગોકુળપુરામાં કોંગ્રેસના કોર્પોરેટરો જીત્યા હોવાથી ગોકુળપુરાના કામ થતાં નહી હોવાનો મતલબ કે ગોકુળપુરાની ગટર સમસ્યા પ્રત્યે કિન્નાખોરીથી ભાજપે કામ ન કર્યું હોવાનો આડકતરો સ્વીકાર કર્યો હતો. આજે બપોર પછી આ માથાકૂટના વિડિયો વાઈરલ થઈ જતાં સમગ્ર ઘટના ચર્ચાના ચગડોળે ચડવા પામી છે.

### વોર્ડ નં.૩માં કોંગ્રેસના અંકિત બારોટે વ્હોટ્સએપ મેસેજથી ધમકી આપ્યાનો દાવો

એવું લાગે છે કે ગાંધીનગરની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીની એન્ટ્રીથી ભાજપ અને કોંગ્રેસ બન્ને પરેશાન છે. ગાંધીનગરમાં બનેલી વધુ એક ઘટનામાં આજે મનપાના વોર્ડ નં.૩ના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભરત જોશીને કોંગ્રેસના ઉમેદવાર અંકિત બારોટે વ્હોટ્સએપ મેસેજ કરી ધમકી આપી હોવાના સમાચાર પ્રસરવા પામ્યાં હતા. કૉન્ગ્રેસનાં કૉર્પોરેટર તથા ઉમેદવાર અંકિત બારોટ દ્વારા ભરત જોષીને ફોન કરીને મારા વિસ્તારમાં જઈને બધાને શું કહેતો હતો તેવા સવાલ કરતા ભરત જોષીએ હું તો બહારગામ હતો તેવું કહી ફોન મૂકી દીધો હતો ત્યારે અંકિત બારોટે તેને વોટ્સએપ મેસેજ કરીને તેના ઘરે માણસો મોકલવાની ધમકી આપી હતી જે વોટ્સએપ મેસેજના સ્ક્રીનશોટ વાયરલ થવા પામ્યા હતા.

## જન્મદિને વધામણી


પ્રકાશભાઈ પંડ્યા
મો. ૯૮૨૫૮ ૫૪૩૦૦


યુસુફખાન જે. પઠાણ
મો. ૯૮૯૮૦ ૭૯૮૪૩


ઝરણાબેન કે. ભાવસાર
મો. ૯૮૨૪૯ ૭૨૫૦૨


હર્ષ વિનોદ ઉદેચા


અમૃતભાઈ બી પટેલ
મો. ૯૯૭૯૯ ૩૭૧૭૧


ખુશી મયુરકુમાર રાઠોડ
મો. ૯૯૨૪૭ ૯૪૯૬૨


ખુશ મયુરકુમાર રાઠોડ
મો. ૯૯૨૪૭ ૯૪૯૬૨


પાર્થ એસ બારોટ
રેડક્રોસ ગાંધીનગર
મો. ૭૩૫૯૫ ૨૩૫૧૫


મનન ભાવસાર

## ચિરવિદાય

● મુકિતધામ ●
● સ્વ. બિહોલા દશરથસિંહ અમરસિંહ, ઉ.વ. ૩૧, પાલજ